# ખેતીની નવીશરતની જમીન બીનખેતી કરવામાટે નવીશરતમાંથી મુકિત આપવા બાબત

અરજદારે નવી શરતની જમીન તથા ગણોતધારાની કલમ-૪૩ના નિયંત્રણ હેઠળની જમીન ખેતી / બિન ખેતીના હેતુ માટે મંજૂરી મેળવવા સાદા કાગળ ઉપર ૬૫ પૈસાની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી અરજી કરવાની રહે છે. ખેતી વિષયક હેતુ માટે મંજૂરી મેળવવા નવી શરતની જમીન અંગે સંબંધિત મામલતદારશ્રીને અને ગણોતધારા મેળવવા નવી શરતની જમીન અંગે સંબંધિત મામલતદારશ્રીને અને ગણોતધારા કલમ-૪૩ના નિયંત્રણવાળી જમીન માટે ખેતી વિષયક હેતુ માટે મંજૂરી મેળવવા ખાસ સંજોગો સિવાય હવે કોઇ અરજી કરવાની રહેતી નથી. આ માટે સરકારશ્રીએ જમીન ગ્રાન્ટ કર્યાના સમયથી ૧૫ વર્ષનો સમયગાળો થયે સ્વમેળે મંજૂરી આપવા અંગે જોગવાઇ કરેલ છે.

નવી શરત કે ગણોતધારા કલમ-૪૩ના નિયંત્રણવાળી જમીન પૂર્વ શહેરી જમીન ટોચ મર્યાદા વિસ્તારમાં, નગરપાલિકા વિસ્તારમાં આવેલી હોય તો ખેતીના હેતુ માટે પણ ૫૦ ટકાના ધોરણે પ્રિમીયમ ભરવાનું રહે છે.

નવી શરત કે ગણોતધારા કલમ-૪૩ના નિયંત્રણવાળી જમીન બીનખેતીના હેતુ માટે નિયંત્રણો દૂર કરવા સાદા કાગળ ઉપર ૬૫ પૈસાની કોર્ટ ફી સાથેની અરજી કલેકટરશ્રીને કરવાની રહે છે. માંગણીદારના કબજા આધારે પ્રિમિયમ વસુલ લઇ આવી મંજૂરી આપવામાં આવે છે.

અરજદારે ખેતીની જમીન બીન ખેડૂતને ખેતી / બિન ખેતીના હેતુ માટે વેચાણ કરવા તથા બિન ખેડૂતે ખેતીની જમીન ખેતી / બિન ખેતીના હેતુ માટે ખરીદવા માટે જમીનની વિગતો સાથેની ૦.૬૫ પૈસાના કોર્ટ ફી સ્ટેમ્પ સહીતની અરજી કલેકટરશ્રીને કરવાની રહે છે.

જયારે અરજદારે ખેતીના હેતુ માટે મંજૂરી માંગેલ હોય ત્યારે તે સાથે વૈધાનિક જોગવાઇઓ અનુસાર અરજદારની બિન ખેતીની વાર્ષિક આવક રૂા. ૫,૦૦૦/- થી ઓછી હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે. અરજદાર કોઇ સંસ્થા હોય તો સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર, બંધારણની નકલ, નાણાંકીય સદ્ધરતાનો દાખલો, વહીવટકર્તાઓની પુરતી વિગતો સાથેની યાદી, સંસ્થાની મિલ્કતોની વિગત તથા ઓડીટ અહેવાલ રજૂ કરવાનો રહે છે.

જયારે અરજદારે બિન ખેતીના હેતુ માટે આવી માંગણી કરી હોય ત્યારે સંબંધિત જમીન અંગે સક્ષમ અધિકારીઓના જરૂરી અભિપ્રાયો મેળવી, સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ સમગ્રપણે ચકાસણી કરી, માંગણી અંગે નિર્ણય કરવાનો રહે છે. બિન ખેતીનો હેતુ ધાર્મિક પ્રકાર - જેવા કે મંદિર, દેવળ અને મસ્જિદનો હોય ત્યારે આવી મંજૂરી સરકારશ્રીની અનુમતીથી આપવાની રહે છે.